**Enrollment No: ______________________        Exam Seat No:______________________**

# C.U.SHAH UNIVERSITY

## Summer Examination-2018

**Subject Name : Compulsory Accountancy-II**

**Subject Code : 4CO02CAC2        Branch: B.Com (Gujarati)**

**Semester : 2        Date : 02/05/2018        Time : 10:30 To 01:30        Marks : 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1        Attempt the following questions:        (14)**

**a)** ધંધાની ખરીદ કિંમત + મૂડી અનામત = ....        1

(a) ધંધાની ચોખ્ખી મિલકતો    (b) પાઘડી    (c) અવેજ    (d) ધંધાની કુલ મિલકતો

**b)** એક ભાગીદારી પેઢીનું કંપનીમાં રૂપાંતર થતાં પેઢીનો વિસર્જન ખર્ચ રૂ.2,000 કંપનીએ ભોગવ્યો અને પેઢીએ તે ચૂકવી આપ્યો.જો ધંધાની ચોખ્ખી મિલકત રૂ. 3,23,000 તો ખરીદ કિંમત ......        1

(a) 3,21,000    (b) 3,27,000    (c) 3,25,000    (d) 3,23,000

**c)** ખરીદ કિંમત પેટે કંપની પાસેથી મળેલ શેર અને ડિબેન્ચર :        1

(a) દાર્શનિક કિંમતે નોંધાય  (b) સરેરાશ કિંમતે નોંધાય  (c) બજાર કિંમતે નોંધાય  (d) કોઇ પણ નહિં

**d)** જ્યારે ખરીદનાર વિસર્જન ખર્ચ ભોગવે ત્યારે ખરીદનાર કંપની વિસર્જન ખર્ચની રકમ ક્યા ખાતે ઉધારશે?        1

(a) શેરમૂડી    (b) વેચનાર    (c) વિસર્જન ખર્ચ    (d) પાઘડી

**e)** જો દરેક પ્રકારનો પૂરો અવેજ અપવામાં આવેલ ન હોય તો ખરીદ કિંમત કઇ પધ્ધતિએ શોધવામાં આવે છે?        1

(a) અવેજ પધ્ધતિ   (b) મૂલ્યાંકન પધ્ધતિ   (c) ચોખ્ખી મિલકતની પધ્ધતિ   (d) એક પણ નહિં

**f)** ખરીદ કિંમત ગણતી વખતે, ખરીદનાર કંપનીએ પૂરા પાડેલા શેર કઇ કિંમતે ગણાય છે?        1

(a) પડતર કિંમત    (b) બજાર કિંમત    (c) મૂળ કિંમત    (d) કોઇ કિંમત નહિં

**g)** મહત્તમ નુકસાનની પધ્ધતિમાં જો કોઇ ભાગીદારની મૂડીની રકમ ઋણ આવે તો તે રકમ અન્ય ભાગીદારો વચ્ચે:        1

(a) મૂડીના પ્રમાણમાં વહેંચાય    (b) નફાનુકસાનના પ્રમાણમાં વહેંચાય

(c) વહેંચાય નહિં    (d)એક પણ નહિં

**h)** વિસર્જન ખર્ચ માટેની અનામત રકમ ક્યા હપતામાંથી બાદ કરવામાં આવે છે?        1

(a) પ્રથમ    (b) બીજા    (c) ત્રીજા    (d) ચોથા

i) આવક જાવક ખાતું કોના જેવું છે? 1

(a) ન.નુ.ખાતા જેવું (b) રોકડ ખાતા જેવું (c) ઊપજ ખર્ચ ખાતા જેવું (d) વેપાર ખાતા જેવું

j) નીચેની સંસ્થાઓ પૈકી કઈ સંસ્થા ઊપજ ખર્ચ ખાતું બનાવીને વાર્ષિક હિસાબો રજૂ કરે છે? 1

(a) સનશાઇન ક્લબ (b) લાઇટકોમ પ્રા.લિ. (c) બાલાજી પેપર મિલ્સ (d)પંપ ઉત્પાદક કંપની

k) મૂડીકૃત દાખલ ફી ક્યા ખાતે નોંધવામાં આવે છે? 1

(a) વેપાર ખાતે (b) મૂડી ભંડોળ ખાતે (c) પા.સ.માં (d) ન.નુ. ખાતે

l) હિસાબી ધોરણ નં – 7 નીચેનામાંથી ક્યું છે? 1

(a) બાંધકામના કરાર (b) ઘસારાના હિસાબો (c) રોકડ પ્રવાહ પત્રક (d) ઉપરમાંથી કોઇ પણ નહિં

m) સ્થિર મિલકત માટેનું હિસાબી ધોરણ નંબર ? 1

(a) 8 (b) 9 (c) 10 (d) 6

n) બાંધકામના કરાર હિસાબી ધોરણ ક્યારે અમલમાં આવ્યું? 1

(a) 1991 (b) 1993 (c) 1999 (d) 2003

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2 Attempt all questions (14)**

**(a)** ભાગીદારી પેઢીનું કંપનીમાં રૂપાંતર વખતે વેચનાર પેઢીના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

(b) હિસાબી ધોરણ નં – 6 સમજાવો.

**Q-3 Attempt all questions (14)**

K અને L અનુક્રમે 3:2ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચીલેતા ભાગીદારો હતા.તા.31-3-17ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું: 14

| દેવાં | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી: K- 75,000 | | યંત્રો | 42,500 |
| L – 55,000 | 1,30,000 | ફર્નિચર | 37,500 |
| સામાન્ય અનામત | 15,000 | રોકાણો | 30,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 20,000 | દેવાદારો | 40,000 |
| લેણદારો | 45,000 | બેંક | 10,000 |
| કામદાર અકસ્માત વળતર ફંડ | 10,000 | સ્ટોક | 60,000 |
| | 2,20,000 | | 2,20,000 |

તા. 1-4-2017ના રોજ પેઢીનું M લિ.માં નીચેની શરતોએ રૂપાંતર કરવામાં આવ્યું:

1. કંપની ફર્નિચર અને બેંક સિલક સિવાય તમામ મિલકતો અને દેવાં લઇ લેશે.

2. કંપની યંત્રો અને સ્ટોક બજાર કિંમતે લે છે.પેઢીના સરવૈયામાં યંત્રો બજાર કિંમત કરતાં 15% ઓછી કિંમતે અને સ્ટોક બજાર કિંમત કરતાં 20% વધુ કિંમતે દર્શાવેલ છે.

3. દેવાદારો પર 10% લેખે ઘાલખાધ અનામત રાખવી.

4. કંપની પાઘડી પેટે રૂ. 25,000 આપશે.

5. ખરીદ કિંમત પેટે કંપની 11,000 ઇ.શેર દરેક રૂ.10નો એવા 10% પ્રીમિયમે આપશે અને બાકીના રોકડ આપશે.

6. ફર્નિચરના રૂ. 29,000 ઊપજ્યા અને વિસર્જન ખર્ચ રૂ. 2,000 થયો.

7. કંપની પાસેથી મળેલ શેરો પૈકી 3500 શેર રૂ.12 ના ભાવે વેચી દેવામાં આવેલા બાકીના શેરો ન.નુ.ના પ્રમાણમાં ભાગીદારોએ વહેંચી દીધા.

**- જરૂરી ખાતાં બનાવો.**

**Q-4** ***ABC બ્રધર્સ નું ૩૧-૦૩-૨૦૧૫ ના રોજનું સરવૈયું નીચે મુજબ છે.*** 7

| મૂડી –દેવાં | રકમ રૂ. | મિલકત – લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી : રજત – 3,15,000 | | પાઘડી | 1,82,000 |
| પૃથ્વી - 2,45,000 | 5,60,000 | ટ્રેડમાર્ક | 1,96,000 |
| સામાન્ય અનામત | 35,000 | જમીન મકાન | 6,16,000 |
| નફા- નુકસાન ખાતું | 1,05,000 | મશીનરી | 2,80,000 |
| બેંક લોન | 2,10,000 | ફર્નિચર | 1,13,400 |
| લેણદારો | 3,50,000 | સ્ટોક | 14000 |
| દેવી હૂંડી | 1,12,000 | દેવાદારો | 11,200 |
| ચૂકવવાના બાકી ખર્ચા | 28,000 | લેણી હૂંડી | 2800 |
| મકાનનું ઘસારા ફંડ | 56,000 | બેંક સિલક | 14,000 |
| | | જાહેરાત ઉપલક ખાતું | 26,600 |
| | **14,56,000** | | **14,56,000** |

તા. 1-4-2015ના રોજ N લિ. નીચેની શરતોએ ધંધો ખરીદે છે:

1. કંપની બધીજ મિલકતો અને જવાબદારીઓ લઇ લેવામાં આવી.

2. કાયમી મિલકતો તેની ચોપડે કિંમત કરતાં 20% વધુ કિંમતે આંકવામાં આવી જ્યારે ચાલુ મિલકતો તેની ચોપડે કિંમતે લેવા સંમત થઇ.

N લિ. ખરીદકિંમત પેટે દરેક રૂ. 10ની કિંમતના 28,000 ઇ.શેર, 10% પ્રીમિયમે અને દરેક રૂ. 10ની કિંમત 25,200 પ્રે.શેર આપવા સંમત થયા.

N લિ.ના ચોપડે ખરીદકિંમતની ગણતરી દર્શાવી, નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**(b)** ખરીદનાર કંપનીના ચોપડે આમનોંધ લખી શરૂનું પાકું – સરવૈયાનો નમૂનો આપો.

**Q-5 Attempt all questions (14)**

**(a)** મૂડી આવક અને મહેસૂલી આવક વચ્ચેનો તફાવત આપો. 7

**(b)** નીચેના ખર્ચાઓનું મૂડી આવક, મહેસૂલી આવક, મૂડી ખર્ચ, મહેસૂલી ખર્ચમાં વર્ગીકરણ કરો. 7

1. દાન 2. લવાજમ 3. મિલકત વેચાણ ખોટ 4. વીજળી જોડાણ 5. ખાસ હેતુ માટે મળેલ ફાળામાંથી કરેલ ખર્ચ 6. ઇનામી ફંડ 7. કેન્ટીનની આવક

**Q-6 Attempt all questions (14)**

**(a)** સ્મિત, અંકિત અને જીત 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો હતા. તા. 30મી જૂન 2017ના રોજ તેમની પેઢીનું વિસર્જન કરવામાં આવ્યું. તે તારીખે તેમની નાણાકીય પરિસ્થિતિ નીચે મુજબ હતી: **ભાગીદારોની મૂડી** સ્મિત :- 72,000, અંકિત :- 54,000, જીત:- 30,000 7

સ્મિતની લોન :- 18,000 લેણદારો :- 36,000

ઊપજની ચોખ્ખી રકમ દરેક મહિનાને અંતે વહેંચવી એવું નક્કી કરવામાં આવ્યું હતું,

ઊપજ અને ખર્ચની માહિતી નીચે મુજબ હતી:

| . | જુલાઈ | ઑગસ્ટ | સપ્ટેમ્બર | ઑક્ટોબર |
|---|---|---|---|---|
| સ્ટોક | 16000 | 6,000 | 18,000 | 19,000 |
| ફર્નિચર | 1800 | 1200 | ---- | --- |
| દેવાદારો | 14,000 | 14,400 | 7,800 | 8,000 |
| વિસર્જન ખર્ચ | 3,000 | 1200 | 1800 | 1800 |

ભાગીદારો વચ્ચે મૂડી વધારાની પધ્ધતિની રીત મુજબ રોકડની વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

(b) ઉપરનો દાખલો મહત્તમ નુકસાનની પધ્ધતિથી રોકડની વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો. 7

**Q-7 Attempt all questions (14)**

J ક્લબ નીચેની મહિતી પરથી તા. 31-3-2015ના રોજ પૂરા થતા વર્ષનું ઊપજ ખર્ચ ખાતું અને પાકું સરવૈયું તૈયાર કરો.

તા. 31મી માર્ચ 2014 ના રોજનું પાકું સરવૈયું

| મૂડી દેવાં | રકમ રૂ. | મિલકત લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી ભંડોળ | 2,04,000 | રમત ગમતનાં સાધનો | 1,29,600 |
| ઈનામી ફંડ | 60,000 | 10%ના ઈનામી ફંડના રોકાણો | 60,000 |
| અગાઉથી મળેલ લવાજમ | 18,000 | મળવાનું બાકી લવાજમ | 6,000 |
| પગાર ચૂ.બાકી | 3,000 | ફર્નિચર | 36,000 |
| | | અગાઉથી ચૂકવેલ ખર્ચ | 2400 |
| | | રોકડ હાથ પર | 51,000 |
| | 2,85,000 | | 2,85,000 |

ઉ. તા. 31મી માર્ચ 2015ના રોજ પૂરા થતા વર્ષનું આવક– જાવક ખાતું જ.

| **આવક** | **રકમ રૂ.** | **જાવક** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| શરૂઆતની રોકડ બાકી | 51,000 | પગાર | 81,000 |
| લવાજમ | 1,32,000 | રમત ગમતના સાધનોની ખરીદી | 38,400 |
| ઈનામી ફંડના રોકાણો પર વ્યાજ | 3,000 | ઈનામ વિતરણ | 4,800 |
| જૂના ફર્નિચરનું વેચાણ (ચોપડે કિંમત રૂ. 2,000) | 3,900 | ફર્નિચરની ખરીદી (1-1-15) | 24,000 |
| ટૂર્નામેન્ટમાંથી આવક | 19,500 | ભાડું | 7,200 |
| દાખલફી | 9,600 | પરચૂરણ ખર્ચા | 9,000 |
| | | ટૂર્નામેન્ટ ખર્ચ | 16,800 |
| | | રોકડની આખરબાકી | 37,800 |
| | 2,19,000 | | 2,19,000 |

(1) વર્ષના અંતે:- મળવાનું બાકી લવાજમ – રૂ. 24,000, અગાઉથી મળેલ લવાજમ - રૂ.12,000

પગાર અગાઉથી ચૂકવેલ - રૂ.6,000, પરચૂરણ ખર્ચા ચૂકવાના બાકી – 1,200

રમત ગમતના સાધનો - રૂ. 1,26,000

*(2)* ફર્નિચર પર વાર્ષિક 10%ના દરે ઘસારો કાપો.

*(3)* દાખલ ફીની અડધી રકમ મૂડીકૃત ગણો.

**Q-8 Attempt all questions (14)**

(a) ખરીદ કિંમતની બન્ને પધ્ધતિ સમજાવો – ચોખ્ખી મિલકતની પધ્ધતિ અને અવેજ પધ્ધતિ 7

(b) મૂડી વધારાની પધ્ધતિ અને મહત્તમ નુકસાનની પધ્ધતિ સમજાવો. 7